

## ચિલોડા પંથકમાં ખેડૂતો ભીંડાની ખેતીમાં વ્યસ્ત બન્યા

ગાંધીનગર જિલ્લાના દહેગામ-ચિલોડા પંથકમાં બટાટાનું મબલખ વાવેતર થતાં વિક્રમજનક ઉત્પાદન થવા પામ્યું છે. જેના કારણે ભાવો ગગડતા ખેડૂતોની હાલત કફોડી બની છે. બીજી તરફ ઉનાળાના પ્રારંભે જ કમોસમી વરસાદે તૈયાર થયેલ શિયાળુ મહામુલા પાકને નુકશાન પહોંચાડયું છે. આ પરિસ્થિતિમાં શિયાળુ-ચોમાસાની ઋતુમાં ભીંડાના વાવેતરને અગ્રીમતા આપી મોંઘા ખર્ચની ખેતી કરવા કિસાનો મજબૂર બન્યા છે. ચિલોડા પથકમાં લગભગ તમામ ખેડૂતોએ ભીંડાનું વાવેતર કર્યું છે અને તેની માવજત કરવામાં લગાતાર મહેનત કરી વધુ સારું ઉત્પાદન મેળવવા કમર કસી છે. આ પંથકમાં ચોતરફ ભીંડા પાકથી ખેતરો લીલાછમ થઈ લહેરાઈ રહ્યાં છે અને ધરતીપુત્રો સવાર-સાંજ ભીંડા વીણવાના કામમાં વ્યસ્ત બન્યા છે. વળી ભીંડાના ભાવો પણ બજારમાં પોષણ ક્ષમ મળતાં ખેડૂતોની મહેનત રંગ લાવી રહી છે અને ખેડૂતો રાહતનો દમ લઈ રહ્યાં છે. (તસવીર : નટુભાઈ પટેલ)

# રાંધેજામાં જુગાર રમતાં પાંચ શકુનીઓ ઝડપાયા

## પેથાપુર પોલીસે દરોડો પાડી ૧૦ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા ગામમાં વ્યાસવાડી પાસે ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડીને પાંચ શકુનીઓને રંગે હાથ ઝડપી પાડયા હતા. પેથાપુર પોલીસે પાંચેય શકુનીઓની ધરપકડ કરી તેમની પાસેથી રૂ. ૧૦,૩૭૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પેથાપુર પીએસઆઈ એસ.જે. રાઠોડને બાતમી મળી હતી કે રાંધેજા ગામમાં વ્યાસ વાડી વિસ્તાર પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે. જેના આધારે બપોરે પોણા બાર વાગ્યાના અરસામાં બાતમીવાળા સ્થળે દરોડો પાડી ખુલ્લેઆમ બાજી માંડીને જુગાર રમી રહેલા પાંચ શખ્સોને રંગે હથ ઝડપી પાડયા હતા. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી પરંતુ ટીમે કોર્ડન કરીને તમામને પકડી લીધા હતા. રાંધેજા વ્યાસવાડી પાસે રહેતા પ્રફુલ સીમા પટેલ, બાબુ ભોપા પટેલ, સુરેશ ભીખા પટેલ, બાલાજી પુંજાજી પઢાર અને અજીતમણી વ્યાસની રૂ. ૧૦,૩૭૦ના રોકડ મુદ્દામાલ સાથે ધરપક કરી લેવામાં આવી હતી. પેથાપુર પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# આજે ગાંધીનગરના પર્યાવરણ પ્રેમીઓ મંત્રીઓને આવેદનપત્ર આપશે

## અગાઉ મેયર અને કમિશનરને પંચામૃત ભવન બનાવવા વૃક્ષોના નિકંદન બાબતે આવેદનપત્ર આપ્યુ છે : ૨૨મી માર્ચે શહેરની શાળાઓના બાળકો વૃક્ષોની રક્ષા માટે સુતરની આંટી બાંધશે

ગાંધીનગર, તા. ૧૭

એક સમય માટે ગાંધીનગર શહેર ગ્રીનસિટી તરીકે પ્રથમ સ્થાને હતુ. પરંતુ તે હવે ઈતિહાસ બની ગયો છે. પાટનગરનું ગ્રીનસિટી બિરૂદ છીનવાઈ ગયુ હોવા છતા સત્તાધીશોની આંખો ખુલતી નથી. પંચામૃત ભવન માટે અસંખ્ય વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવશે. ગાંધીનગરના પર્યાવરણ પ્રેમીઓ વૃક્ષોના નિકંદન સામે આજે વિપક્ષના નેતા અને મંત્રીને આવેદન પત્ર પાઠવશે.

ગાંધીનગર શહેરમાં પંચામૃત ભવનના નિર્માણ માટે અસંખ્ય લીલા વૃક્ષોનું નિકંદન કરવામાં આવશે તેવા અહેવાલ સામે ગાંધીગરના પર્યાવરણ પ્રેમીઓમાં રોષ ફેલાયો છે. વૃક્ષોનું નિકંદન ન કાઢવા આજે બુધવારે વિરોધ પક્ષના નેતા અને મંત્રીઓને પર્યાવરણ પ્રેમીઓ આવેદનપત્ર પાઠવશે. તેમજ ૨૧મી માર્ચને વર્લ્ડ ફોરેસ્ટ ડે તરીકે મનાવવામાં આવે છે. ત્યારે આ દિવસે પાટનગરના પર્યાવરણ પ્રેમીઓ ઘ-૪ સર્કલ પાસે રાત્રે ૮.૦૦ વાગે કેન્ડલ માર્ચ કરશે. આ કાર્યક્રમમાં નગરજનો પણ ઉપસ્થિત રહેશે.

૨૨ માર્ચ, રવિવારે સવારે પર્યાવરણ પ્રમીઓ અને નગરની શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પંચામૃત ભવનની જગ્યામાં રહેલા વૃક્ષોને સુતરની દોરી બાંધશે. બાળકો સુતરની દોરી બાંધી લાબુ આયુષ્ય મળે તેવી પ્રાર્થના કરશે.

ગાંધીનગર શહેર ગ્રીનસિટી તરીકે અવ્વલ નંબરે હતુ. તેના કારણે આજે પણ નગરને ગ્રીનસિટી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ તંત્ર દ્વારા સિમેન્ટ કોક્રીંટના જંગલો સામે આજે લીલા વૃક્ષોના જંગલો ઓછા થઈ રહ્યા છે. તંત્રને ફક્ત બિલ્ડીંગો તાણવામાં રસ છે. પરંતુ પર્યાવરણ જાળવવામાં રસ રહ્યો નથી તેવું પંચામૃત ભવનના નિર્ણયથી ફલિત થાય છે.

# શુક્રવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્‌ભૂત અવકાશી નજારો સર્જાશે

## જો કે આ ગ્રહણ ભારતમાં દેખાશે નહી : આ પ્રકારનું ગ્રહણ હવે એપ્રિલ-૨૦૬૯માં જોવા મળશે : અગાઉ ૧૯૨૫માં ૨૪મી જાન્યુઆરીએ ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળ્યું હતુ

ગાંધીનગર, તા. ૧૭

દુનિયાના કેટલાક દેશોમાં તા. ૨૦મી માર્ચ શુક્રવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્‌ભૂત નજારો જોવા મળનાર છે. જો કે આ ખગ્રાસ સૂર્યગ્રહણનો નજારો ભારતમાં જોવા મળશે નહી તેવુ ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થાએ જણાવ્યું છે. આ પ્રકારનું ગ્રહણ હવે વર્ષ ૨૦૬૯ના એપ્રિલ માસમાં જોવા મળશે.

વૈજ્ઞાનિકો અને ખગોળ રસિકો હંમેશા ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ નિહાળવા તલપાપડ હોય છે. વર્ષો પછીની ગ્રહોની ભૂમિતિના અંતે આ પ્રકારનું સૂર્ય ગ્રહણ રચાતુ હોય છે. આ વર્ષે ફાગણ કૃષ્ણ પક્ષ અમાસને શુક્રવારે મીન રાશિમાં અને ઉત્તર ભાદ્ર નક્ષત્રમાં થનારૂ ખગ્રાસ સૂર્યગ્રહણ વિશ્વના અમુક પ્રદેશો જેવા કે યુરોપ, દક્ષિણ આફ્રિકા, ઉત્તર એશિયા, મિડલ ઈસ્ટ, ઉત્તર એટલાન્ટિક મહાસાગર, નોર્વે, નોર્થ પોલ, સ્પીલબર્ગમાં દેખાશે. આ ગ્રહની ખંડગ્રાસ સ્થિતિ સ્પેનમાં મેન્ડ્રિક, આર્યલેન્ડમાં ડબલીન, ફ્રાન્સમાં પેરિસ અને બેલફાસ્ટ, યુકેમાં લંડન, ગ્લાસકો, એડીનબર્ગ, બેલ્જિયમમાં બ્રેસેલ્સ, નેધરલેન્ડમાં એમસ્ટીરમ, જર્મનીમાં બર્લિન, નોર્વેમાં ઓસ્લો અને સ્વીડનના સ્ટોકહોમમાં દેખાશે. અગાઉ ૧૯૨૫ની સાલમાં ૨૪મી જાન્યુઆરીએ આ પ્રકારનું ગ્રહણ જોવા મળ્યું હતું.

આ ગ્રહણ ભારતીય સમય અનુસાર ૧૩:૧૦:૫૪ વાગે ગ્રહણ સ્પર્શ થશે, ગ્રહણ મધ્ય ૧૫:૧૫:૪૦ વાગે અને ગ્રહણ મોક્ષ ૧૭:૨૦:૧૩ કલાકે થશે. ગ્રહમ ગ્રાસમાન ૧.૦૪૫ છે તેવુ જાથા સંસ્થાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું હતું. તેમના મતે ભારતમાં સદીઓથી જ્યોતિષીઓ અને કેટલાક લેભાગુ તત્વો ગ્રહણ સંબંધી ભ્રામકતા ફેલાવવાનું કામ કરે છે. તેને જાકારો આપવાની જરૂર છે. ગ્રહણ એ ખગોળીય ઘટના છે અને અવકાશી ગ્રહણો, ગ્રહો, યુતિ, માનવજીવનને અસરકર્તા નથી.



ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ શાખા દ્વારા તાલુકા હેલ્થ અધિકારી અને ડભોડા પી.એચ.સી.ના સહયોગથી આદર્શગામ જાખોરા-રાજપુર ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કર્યુ હતુ. આ કેમ્પ જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાયો હતો. આ કેમ્પમાં ગામના ૧૫ થી ૪૫ વર્ષના ૧૫૦ લાભાર્થીઓની વિવિધ રોગોની તપાસ કરી દવાનું વિતરણ કર્યુ હતુ. આ પ્રસંગે ડી.આર.ડી.એ.ના ડાયરેક્ટર જયશ્રીબેનની ટીમે કેમ્પમાં પ્રશંસનીય કામગીરી કરી હતી. આ કેમ્પમાં લાભાર્થીઓ માટે ભોજન વ્યવસ્થા જાખોરા ગામના પરિવારજનો તથા યુવાન ટીમે સક્રિય રીતે ફાળો આપી ઉત્સાહભેર ભાગ લીધો હતો. (નટુભાઈ પટેલ)



# અંડર-૧૪ ક્રિકેટ મેચમાં શ્રેષ્ઠ પ્રદર્શન

ભારતની ક્રિકેટ ટીમમાં ગુજરાતના ખેલાડીઓનો દબદબો રહ્યો છે. વધુ એક ખેલાડી દેશની ટીમમાં સ્થાન પામે તો નવાઈ નહિ... ઓમકાર ઈન્ટરનેશનલ લેકાવાડાનો વિદ્યાર્થી ઉર્વિશ પટેલ ગુજરાત અંડર-૧૪ ટીમમાં સ્થાન પામ્યો છે. ત્યારે પૂનામાં યોજાયેલ અંડર-૧૪ મેચમાં બરોડા અને મહારાષ્ટ્ર જેવી ટીમ સામે પોતાની ઘાતક બોલીંગનો પરચો આપ્યો હતો. લેફ્ટ આર્મ સ્પીનર તરીકે બોલીંગ કરતા ૬ વિકેટ ઝડપી હતી. ઉર્વિશને શ્રેષ્ઠ પ્રદર્શન બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# સારા અને સસ્તા બટાકા મળી રહેતા ઘેર ઘેર ગૃહિણીઓ કાતરી બનાવવામાં વ્યસ્ત

## એક જુટ થઈ વારાફરતી એકબીજાના ઘરે કાતરી બનાવતી મહિલાઓ, સંગઠન ભાવનાના શ્રેષ્ઠ દૃશ્યો

ગાંધીનગર, તા.૧૭

રાજયમાં બટાકાના વિપુલ ઉત્પાદનને લીધે ભાવમાં કડાકો બોલી ગયો છે. ખેડુતોને યોગ્ય વળતર ન મળી રહેતાં બજારમાં જે ભાવ મળે તે ભાવે વેચી રહ્યા છે.જેથી ગૃહિણીઓ સારા અને સસ્તા બટાકા ખરીદીને કાતરી બનાવવામાં વ્યસ્ત બની છે. ઉપવાસમાં ઉપયોગી એવી આ કાતરી આખું વર્ષ ચાલે તે રીતના આયોજનમાં મહિલાઓ એક જુટથી વારાફરતી એકબીજાના ઘરે કાતરી બનાવવામાં મદદરૂપ થઈ રહી છે. સંગઠન અને એકતાની ભાવનાને પણ આ પ્રકારની પ્રવૃત્તિ ઉજાગર કરી રહી છે.

બટાકાનું ગત વર્ષે ઓછું ઉત્પાદન થતા સર્વત્ર તેની માંગ રહી હતી જેથી ખેડૂતોને શ્રેષ્ઠ ભાવ મળ્યા હતા તેમજ મહિલાઓને ઘરે કાતરી બનાવવા પણ બટાકા મળ્યા ન હોતા અને કદાચ મળ્યા તો ખુબ જ ઉંચા ભાવે ખરીદ્યા હતા. જેથી આ વર્ષે ઉંચા ભાવની અપેક્ષાએ ખેડૂતોએ બટાકાનું પુષ્કળ વાવેતર કર્યું હતું અને જે કારણે રાજયમાં વિપુલ માત્રામાં બટાકાનું ઉત્પાદન થયું હતું. જે સામે માંગમાં કોઈ જ વધારો ન થતા બટાકાના ભાવ ગગડી ગયા હતા. નુકસાનમાં આવી પડેલા ખેડૂતો સીધા બજારમાં જ બટાકાનું વેચાણ કરવા લાગ્યા છે. જે કારણે ગૃહિણીઓને સરળતાથી સસ્તા અને સારા બટાકા પ્રાપ્ત થયા છે. મોટા અને કડક બટાકાને કાતરી બનાવવામાં ઉપયોગ કરે છે જયારે અન્યનું બટાકા શાક બનાવીને ગૃહિણીઓ સંતોષ વ્યકત કરી રહી છે. હાલમાં ગૃહિણીઓ ઉત્સાહિત થઈ બટાકાની કાતરી બનાવવામાં વ્યસ્ત બની ગઈ છે.

વર્ષ દરમિયાન ઉપવાસમાં ઉપયોગી એવી કાતરી માટે જે તે મહોલ્લો, સોસાયટી કે સ્થળોએ મહિલાઓ સંગઠીત થઈ એક બીજાના ઘરે વારાફરતી કાતરી બનાવી રહી છે. જેમાં બટાકાને છોલવા, છીણવા, પલાડવા અને સુકવવા જેવી કામગીરીમાં મદદરૂપ બને છે. કાતરી બનાવવાના સંજોગો ઉપલબ્ધ ન હોય તો પણ તે પુરો પડાય છે જેથી આ પ્રકારની પ્રવૃત્તિ સંગઠન અને એકતાની ભાવનાને પ્રદર્શિત કરી રહી છે. દર વર્ષે આ રીતે બટાકા ન મળતા હોવાથી ગૃહિણીઓ પોતાનો તમામ સમય આ વર્ષે આવેલી તકમાં પરિવર્તિત કરી બહારથી તૈયાર કાતરી ન લાવવી પડે તે રીતના આયોજન કરી રહી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

**રક્તદાન મહાદાન**

# ભટ્ટ મેવાડા સમાજ એકલિંગજી દાદાનો પ્રાગટ્ય દિવસ મનાવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા એકલીંગજી દાદાનો મહોત્સવ ઉજવશે. સેક્ટર-૨૨ પંચદેવ મંદિર ખાતે યોજાશે. મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

ફાગણ વદ-૧૪, એટલે એકલીંગજી દાદાનો પ્રાગટ્ય દિવસ આગામી ૧૯ માર્ચના રોજ સેક્ટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે ગાંધીનગરમાં વસતા ભટ્ટ મેવાડા સમાજ દ્વારા એકલિંગજી દાદાનો મહોત્સવ યોજાશે. રાજસ્થાનમાં એકલીંગજી દાદાનું પ્રખ્યાત મંદિર આવેલુ છે અને મેવાડના રાજા એકલિંગજી દાદા ગણાય છે ત્યારે રાજસ્થાનમાં પણ વિશેષ મહત્વ રહેલું છે.

ગાંધીનગરમાં વસતા ભટ્ટ મેવાડા અને ત્રિવેદી મેવાડા ભાઈ બહેનોને મહોત્સવમાં ઉપસ્થિત રહેવા જણાવાયુ છે. મહોત્સવમાં પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પાસ કારોબારી સભ્યો પાસેથી મેળવી લેવાના રહેશે.

# સે-૩૦માં આજે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ફાગણ માસની શિવરાત્રિ નિમિત્તે આજે લઘુરૂદ્ર યોજવામાં આવશે. આજે બુધવારે સાંજે ૪-૦૦ વાગે બાબુભાઈ ડી. પટેલના નિવાસ સ્થાનપ્લોટ નં. ૧૩૮, સર્વોદયનગર સે-૩૦ ખાતે યોજાશે. રૂદ્રાભિષેક મંડળના સર્વે સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ફતેપુરામાંતી દેશી દારૂની પોટલીઓ સાથે મહિલા ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સે-૧૫ ફતેપુરા વિસ્તારમાં સે-૭ પોલીસે દરોડો પાડીને એક મહિલા બુટલેગર ઝડપી પાડી છે દેશી દારૂની પોટલીઓ સાથે એક મહિલા બુટલેગરની ધરપકડ કરી તેણીની પાસેથી બે લીટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. દેશી દારૂ કયાં બનાવાયો હતો અને કેટલા સમયથી વેચાણ કરે છે તે સહિતની વિગતોની પુછતાછ કરવામાં આવી હતી. સે-૭ પોલીસે તેણીની ધરપકડ કરી જામીન પર મુકત કરી છે.

# સે-૨૯ જલારામધામમાં દરિયાલાલ જયંતિ મનાવાશે

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૯ જલારામ મંદિર ખાતે દરિયાલાલ જયંતિ ધામધૂમપૂર્વક મનાવવામાં આવશે. મંદિર પરિસરમાં દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ભકતજનોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

શહેરના સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે દરિયાલાલ દાદા બિરાજમાન છે. આગામી ૨૧ માર્ચના રોજ દરિયાલાલ ભગવાનની જન્મ જયંતિ હોવાથી જલારામ સેવા સમાજ દ્વારા દાદાની જન્મજયંતિ ઉજવાશે. ૨૧ માર્ચ સવારે ૮.૩૦ વાગે મૂર્તિદાતા દ્વારા પૂજનવિધિ કરવામાં આવશે.

સવારે ૧૦.૧૫ કલાકે હવન વિધિ શરૂ થશે. ત્યારબાદ બપોરે ૧૨.૧૫ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૭
સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૨ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :**

હે... બ્રો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

દમ લગાકે હેઈસા : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**

કેનવાસ (ગુજરાતી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન મોહનભાઈ રામી (ઉ.વ.૯૦) ઘર નં. ૨૦૨, મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, પેથાપુર, તા. જી. ગાંધીનગર
- સ્વ. જડીબેન અંબાલાલ પટેલ (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૨૧૭/૧, સેકટર-૬બી, ગાંધીનગર